Extra No. 222

सत्यमेव जयते

The Gujarat Government Gazette
EXTRAORDINARY
[PUBLISHED BY AUTHORITY]

Vol. LXVI] **THURSDAY, JUNE 19, 2025 / JYAISTHA 29, 1947**

Separate paging is given to each part of the supplement to the Central Gazette and Central Section in order that it may be filed as a separate compilation

PART -I
SUPPLEMENT TO THE CENTRAL GAZETTE

અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ દ્વારા

હુકમ

-: ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા-૨૦૨૩ ની કલમ-૧૬૩ મુજબનું :-

File No: KHD/MAG/e-file/450/2025/1582/MAG BRANCH.—ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ, ગાંધીનગર દ્વારા ધોરણ-૧૦ અને ધોરણ-૧૨ વિજ્ઞાન પ્રવાહ/સામાન્ય પ્રવાહ પૂરક પરીક્ષા તા.૨૩/૦૬/૨૦૨૫ થી તા.૦૩/૦૭/૨૦૨૫ દરમ્યાન લેવાનાર છે. જેથી આ દરમ્યાન ઉક્ત પરીક્ષાઓનું સંચાલન સરળતાથી થાય, અસામાજિક તત્વોના ત્રાસ અને ભય વગર ખંડ નિરીક્ષકો કાર્ય કરે અને પરીક્ષાર્થીઓ શાંત અને સૌહાદપૂર્ણ વાતાવરણમાં નિર્ભયતાથી તથા ગેરરિતી કરવાના પ્રલોભનથી દોરવાયા વગર પરીક્ષા આપે તે માટે પરીક્ષાના સ્થળોને પ્રતિબંધિત વિસ્તાર જાહેર કરવા જાહેરનામું પ્રસિધ્ધ કરવા જિલ્લા શિક્ષણાધિકારીશ્રી, ખેડા જિલ્લો, નડીઆદનાઓએ તા.૦૬/૦૬/૨૦૨૫ ના પત્ર જા.નં./SSC-HSC/પૂરક-પરીક્ષા/જૂન-૨૦૨૫/૨૯૨૦-૨૧ થી અત્રે દરખાસ્ત કરેલ છે. ઉક્ત દરખાસ્ત પ્રવર્તમાન સંજોગોમાં વ્યાજબી અને આવશ્યક જણાય છે.

વાસ્તે, હું જે. બી. દેસાઈ, અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, ખેડા જિલ્લો, નડીઆદ, ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા-૨૦૨૩ ની કલમ ૧૬૩ અન્વયે મને મળેલ સત્તાની રૂએ આ સાથે બીડાણ કરેલ અનુસૂચિઓ મુજબના પરીક્ષા કેન્દ્રોમાં નીચે મુજબના કૃત્યો કરવાની મનાઈ ફરમાવું છું.

પ્રતિબંધિત વિસ્તાર

અનુસૂચિત પરીક્ષા કેન્દ્ર તથા તેની ચોતરફ ૧૦૦ મીટરની ત્રિજ્યામાં આવેલા તમામ મકાનો, જગ્યા, સ્થળ અને વિસ્તાર.

પ્રતિબંધિત કૃત્યો

પરીક્ષાર્થી ઉમેદવાર અને પરીક્ષા સંબંધિત કામગીરીમાં રોકાયેલા, ફરજ પરના અધિકૃત માણસો સિવાય અન્ય કોઈ બિનઅધિકૃત માણસોએ ઉપરોકત પ્રતિબંધિત વિસ્તારમાં દાખલ થવું, કોઈપણ ઈસમે કોઈપણ તરકીબ વાપરી પરીક્ષાર્થીઓને પરીક્ષા વિષયક ચોરી કરવા/કરાવવામાં સીધી કે આડકતરી મદદગારી કરવી, પરીક્ષાર્થી ઉમેદવારોની શાંતિ અને લેખનકાર્યમાં અડચણ-વિક્ષેપ-ધ્યાનભંગ થાય તેવું કોઈ કૃત્ય કરવું/કરાવવું, આ રીતના કોઈપણ દુષ્પ્રેરણ કે પ્રયાસમાં જો ફરજો પરના સુપ્રવાઈઝરશ્રી સ્ટાફ કે ખાસ તપાસણી માટેના સ્કવોડના માણસોએ સામેલ થવું, પ્રામાણિકપણે ફરજો બજાવવામાં કોઈ પ્રકારની ઉદાસીનતા સેવવી, પરીક્ષા સંબંધી ચોરીમાં મદદરૂપ થાય તેવી કોઈપણ વસ્તુ, ઈલેક્ટ્રોનીક આઈટમ જેવી કે, ફેક્સ, ડુપ્લીકેટીંગ, ઝેરોક્ષ મશીને, કોપીયર કે નકલ થઈ શકે તેવા કોઈપણ ઉપકરણો, સેલ્યુલર ફોન, મોબાઈલ, સ્માર્ટ વોચ, પેજર, હેન્ડ સેટ, વોકીટોકી કે કોર્ડલેસ ફોન, પુસ્તક, કાપલીઓ વિગેરેનો ઉપયોગ, ઝેરોક્ષ કાઢવાની કામગીરી, ઝેરોક્ષ નકલોનું વહન કરવું કે કરાવવામાં ફરજો પરના તમામ માણસોએ મદદનારી કે દુષ્પ્રેરણ કરવા તથા પરીક્ષા કેન્દ્રોની કંપાઉન્ડની દિવાલની ૨૦૦ મીટરની ત્રિજયામાં જાહેરમાં લાઉડસ્પીકર કે મ્યુઝિક બેન્ડ કે ડી.જે. મ્યુઝિક સીસ્ટમ વગાડવા પર.

સમયગાળો

તા.૨૩/૦૬/૨૦૨૫ થી તા.૦૩/૦૭/૨૦૨૫ દરમ્યાન સ.ક.૦૯:૩૦ કલાક થી ૧૮:૧૫ કલાક સુધીના સમયગાળા માટે (ખેડા જિલ્લાના આ સાથે સામેલ અનુસૂચિઓ મુજબનાં જે કેન્દ્રો પર પરીક્ષા હોય તેને અનુરૂપ)

શિક્ષા

આ જાહેરનામાના કોઈ પણ ખંડનો ભંગ અથવા ઉલ્લંઘન કરનાર વ્યક્તિ ભારતીય ન્યાય સંહિતાની કલમ-૨૨૩ મુજબ શિક્ષાને પાત્ર થશે.

ખેડા જિલ્લામાં ફરજ બજાવતાં પોલીસ સબ ઈન્સ્પેકટરશ્રી કે તેનાથી ઉચ્ચ હોદ્દો ધરાવનાર તમામ અધિકારીશ્રીઓને આ જાહેરનામાનો ભંગ કરનાર ઈસમ/ઈસમો સામે ભારતીય ન્યાય સંહિતાની કલમ-૨૨૩ મુજબ ફરીયાદ માંડવા માટે અધિકૃત કરવામાં આવે છે.

(પરિશિષ્ટ ૧) S.S.C EXAM 2025 પૂરક પરીક્ષા એસ.એસ.સી ઝોન 51 શ્રી આર.પી.સુમેરા ઝોનલ ઓફિસર Mo.8160127211									
Sr.	Centre Name	Bldg No	Bldg Name	Given Blocks	Used Blocks	સ્થળ સંચાલકની મૂળ શાળાનું નામ	સ્થળ સંચાલકનું નામ	હોદો	મોબાઈલ નંબર
1	નડીયાદ સીટી	01	બાસુદીવાલા પબ્લિક હાઈસ્કૂલ, નડીઆદ	12	12	બાસુદીવાલા પબ્લિક હાઈસ્કૂલ, નડીઆદ	શ્રી પ્રશાંત ઉપાધ્યાય	આચાર્ય	9428313514
2	નડીયાદ સીટી	02	સેંટ મેરી હાઈ. યુનિટ ૧, નડીઆદ	15	15	સેંટ મેરી હાઈસ્કૂલ, નડીઆદ	ફાધર વીંસેંટ પોલ	આચાર્ય	9426365252
3	નડીયાદ સીટી	03	સેંટ મેરી હાઈ. યુનિટ ૨, નડીઆદ	9	9	ઉતર બુનિયાદી વિધ્યાલય કાછાઈ	શ્રી વિજય પટેલીયા	આચાર્ય	8140056246
4	નડીયાદ સીટી	04	જવાહર વિદ્યાલય નડીઆદ	12	12	જાવાહર વિદ્યાલય, નડીઆદ	શ્રી ડી.પી. ભાવસાર	આચાર્ય	9428902348
5	નડીયાદ સીટી	05	સરસ્વતી હિન્દી વિદ્યામંદિર નડીઆદ	10	10	સરસ્વતી હિન્દી વિદ્યામંદિર નડીઆદ	શ્રી એ.પી. ગોસ્વામી	ઈ. આચાર્ય	9824258854
6	નડીયાદ સ્ટેશન	06	સંત અન્ના હાઈસ્કૂલ, નડીઆદ યુ. ૧	10	10	કિરણ વિધ્યાલય હાથજ	શ્રી અરવિંદ વાઘેલા	આચાર્ય	9033823282
7	નડીયાદ સ્ટેશન	07	સંત અન્ના હાઈસ્કૂલ, નડીઆદ યુ.૨	10	10	આદર્શ વિદ્યાલય મીનાવાડા	શ્રી દિનેશભાઈ રાણા	આચાર્ય	9429368291
8	નડીયાદ સ્ટેશન	08	ન્યુ ઈંગ્લીશ સ્કૂલ, યુનિટ-૧, નડીઆદ	12	12	ન્યુ ઈંગ્લીશ સ્કૂલ-નડીઆદ	શ્રી જે.એસ રાવલ	ઈ. આચાર્ય	9408402094
9	નડીયાદ સ્ટેશન	09	ન્યુ ઈંગ્લીશ સ્કૂલ, યુનિટ-૨, નડીઆદ	12	12	ઈંગ્લીશ ટીચિંગ સ્કૂલ	શ્રી ધર્મેશ જોશી	ઈ. આચાર્ય	9898854650
10	નડીયાદ સ્ટેશન	10	સંસ્કાર વિદ્યાલય માધ્યમિક વિભાગ	10	10	સંસ્કાર વિદ્યાલય માધ્યમિક વિભાગ	મોહસીન પઠાણ	ઈ. આચાર્ય	9725344947
11	અલીન્દ્રા	11	એમ. એસ. પટેલ વિદ્યાલય, યુ-૧, અલીન્દ્રા	10	10	એમ. એસ. પટેલ, હાઈસ્કૂલ અલીન્દ્રા	શ્રી રાજીવ પટેલ	આચાર્ય	9898629962
12	અલીન્દ્રા	12	એમ. એસ. પટેલ વિદ્યાલય, યુ-૨, અલીન્દ્રા	10	10	શ્રી ગાયત્રી વિદ્યાલય મરીડા	શ્રી કિરણસિંહ સોલંકી	આચાર્ય	9429327469
13	નડીયાદ સ્ટેશન	13	વિઝન સ્કુલ ઓફ સાયન્સ નડિયાદ	10	10	દિગ્વિજય વિધ્યાલય મોંઘરોલી	શ્રી જે.પી ડામોર	આચાર્ય	9924224356
14	ઉતરસંડા	14	ભારત હાઈસ્કૂલ, ઉત્તરસંડા	10	10	ભારત હાઈસ્કૂલ ઉત્તરસંડા	શ્રી યોગેશ પટેલ	આચાર્ય	9737072743
15	ઉતરસંડા	15	આઈ. જે. પટેલ કન્યા વિદ્યા, ઉત્તરસંડા	6	3	આઈ.જે.પટેલ કન્યા વિદ્યા., ઉત્તરસંડા	શ્રી અંજનાબેન કે. ભોઈ	આચાર્ય	7567260435
				158	155				

એચ.એસ.સી. વિજ્ઞાન પ્રવાહ પુરક પરીક્ષા સ્થળ જુન ૨૦૨૫

ક્રમ.	બિલ્ડીંગ નંબર	કેન્દ્ર નંબર	કેન્દ્રનું નામ	પરીક્ષા સ્થળનું નામ	ફાળવેલ બ્લોક	વિદ્યાર્થી સંખ્યા	સ્થળ સંચાલકનું નામ	સ્થળ સંચાલકની શાળાનું નામ	સ્થળ સંચાલકશ્રી નો હોદ્દો	કોંટેક્ટ નંબર	Sign
1	1	505	નડીયાદ સીટી	સેંટ મેરી હાઈસ્કૂલ, વૈશાલી સિનેમા સામે, નડીઆદ યુનિટ-૧	13	260	ફાધર વિલ્સેન	સેંટ મેરી હાઈસ્કૂલ, વૈશાલી સિનેમા સામે, નડીઆદ	આચાર્ય	9426365252	
2	2	505	નડીયાદ સીટી	સેંટ મેરી હાઈસ્કૂલ, વૈશાલી સિનેમા સામે, નડીઆદ યુનિટ-૨	9	180	દિલીપભાઈ એમ પરમાર	સેંટ મેરી હાઈસ્કૂલ, વૈશાલી સિનેમા સામે, નડીઆદ	સુપરવાઈઝર	9925960833	
3	3	505	નડીયાદ સીટી	બાસુદીવાલા પબ્લિક હાઈસ્કૂલ, નડીઆદ	10	200	પ્રશાંત ડી ઉપાધ્યાય	બાસુદીવાલા પબ્લિક સ્કૂલ, નડીઆદ	આચાર્ય	9428313514	
4	4	505	નડીયાદ સીટી	સંત અન્ના હાઈસ્કૂલ, કપડવંજ રોડ નડીઆદ	1	20	નીલેશભાઈ એમ પરમાર	સંત અન્ના હાઈસ્કૂલ, કપડવંજ રોડ નડીઆદ	ઈ. આચાર્ય	9898032896	
					33	660					

પરિશિષ્ટ-૩ એચ.એસ.સી. સામાન્ય પ્રવાહ પરીક્ષા સ્થળ સંચાલક યાદી ૨૦૨૫

ઝોન ૧૧ એ.જી.શુકલ ૯૪૨૭૨ ૩૭૯૭૫

ક્રમ.	કેન્દ્ર નંબર	કેન્દ્રનું નામ	બીલ્ડીંગ નામ	બ્લોક સંખ્યા	સ્થળ સંચાલકનું નામ	સ્થળ સંચાલકની શાળાનું નામ	સ્થળ સંચાલકશ્રી નો હોદ્દો	કોંટેક્ટ નંબર
1	505	નડીયાદ	ભારતીય વિનય મંદિર ચકલાસી યુનિટ ૧	12	ઈલેશભાઈ બી. જોષી	ભારતીય વિનય મંદિર ચકલાસી	આચાર્ય	9601284728
2	505	નડીયાદ	ભારતીય વિનય મંદિર ચકલાસી યુનિટ ૨	9	જયંતીભાઈ એમ. ઝાલા	સંસ્કાર હાઈ. રામપુરા, ચકલાસી	આચાર્ય	9979006391
3	505	નડીયાદ	જીવન વિકાસ હાઈસ્કુલ, નડીઆદ	10	પ્રજ્ઞેશભાઈ પંડ્યા	જીવન વિકાસ હાઈસ્કુલ, નડીઆદ	આચાર્ય	9979157239
4	505	નડીયાદ	એસ. એન. પટેલ આદર્શ વિદ્યામંદિર, આખડોલ	3	નટવરભાઈ એ. રાઠોડ	એસ. એન. પટેલ આદર્શ વિદ્યામંદિર, આખડોલ	આચાર્ય	9427088974
				34				

ખેડા-નડીઆદ, તારીખ ૧૨મી જુન, ૨૦૨૫

જે. બી. દેસાઈ,
અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ,
ખેડા-નડીઆદ.

હુકમ

-: ગુજરાત નશાબંધી અધિનિયમ-૧૯૪૯ની કલમ-૧૪૨ અન્વયે :-

File No: KHD/MAG/e-file/450/2025/1650/MAG BRANCH.–માન. રાજય ચૂંટણી આયોગ, ગુજરાત દ્વારા ગ્રામ પંચાયતોની સામાન્ય/વિભાજન/મધ્યસત્ર તથા પેટા ચૂંટણીઓનો ચૂંટણી કાર્યક્રમ તા.૨૮/૦૫/૨૦૨૫ નાં-રોજ જાહેર થયેલ છે. તે મુજબ ખેડા જિલ્લાની ૯૧ ગ્રામ પંચાયતોની સામાન્ય/વિભાજન ચૂંટણી તથા ૧૮૨ બેઠકો પર પેટા ચૂંટણી માટે મતદાન તા.૨૨/૦૬/૨૦૨૫ ના રોજ નિયત કરવામાં આવેલ છે. સદર ચૂંટણીઓમાં થયેલ મતદાનની મતગણતરી તા.૨૫/૦૬/૨૦૨૫ ના રોજ યોજાશે, ત્યારબાદ ચૂંટણી પ્રક્રિયા સંપન્ન થશે. જેથી જિલ્લામાં શાંત, સ્વચ્છ અને નિષ્પક્ષ ચૂંટણી યોજાય તેમજ જાહેર સુલેહશાંતિ, જાહેર વ્યવસ્થા, કાયદો અને વ્યવસ્થા સુપેરે જળવાઈ રહે તે માટે જિલ્લામાં આવેલી નશીલા પદાર્થોનું વેચાણ કરતી દુકાનો (લીકરશોપ), હોટલો, રેસ્ટોરન્ટ, કલબો તથા બીજી સંસ્થાઓને ગુજરાત નશાબંધી અધિનિયમ-૧૯૪૯ ની કલમ-૧૪૨(૧) હેઠળ દારૂ અને નશાયુકત પદાર્થોના વેચાણ બાબતે ચોક્કસ નિયંત્રણો મુકવા જરૂરી જણાય છે.

વાસ્તે, હું જે. બી. દેસાઈ, જી.એ.એસ., અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, ખેડા જિલ્લો-નડિયાદ, ગુજરાત નશાબંધી અધિનિયમ, ૧૯૪૯ની કલમ-૧૪૨(૧) થી મને મળેલ સત્તાની રૂઈએ ખેડા જિલ્લાના હદ વિસ્તારમાં આવેલ દારૂ અને નશાયુકત પદાર્થોનાં વેચાણ માટેના પરવાના ધરાવતા હોય તેવા દુકાન, રેસ્ટોરન્ટ, કલબો, હોટલો કે અન્ય કોઈ પણ સ્થળ પરથી તા.૨૦/૦૬/૨૦૨૫ ના રોજ સાંજના ૧૮/૦૦ કલાક થી તા.૨૨/૦૬/૨૦૨૫ ના રોજ રાત્રિના ૨૪/૦૦ કલાક સુધી તેમજ તા.૨૫/૦૬/૨૦૨૫ ના રોજ એટલે કે મતગણતરીના દિવસે સવારના ૦૬/૦૦ કલાક થી રાત્રિના ૨૪/૦૦ કલાક સુધી દારુ અને નશાયુક્ત પદાર્થોનું વેચાણ કરવા/પીરસવા પર પ્રતિબંધ ફરમાવું છું અને આ રસમયગાળાને "ડ્રાય કે" તરીકે જાહેર કરવા હુકમ કરૂ છું.

શિક્ષા

આ હુકમનો ભંગ અથવા ઉલ્લંઘન કરનાર ભારતીય દંડ સંહિતાની કલમ-૧૮૮, ગુજરાત નશાબંધી અધિનિયમ-૧૯૪૯ની કલમ ૬૮ અને કલમ-૯૦ની જોગવાઈઓ તેમજ લોક પ્રતિનિધિત્વ (સુધારા) અધિનિયમ, ૧૯૯૬ દ્વારા દાખલ કરવામાં આવેલ લોક પ્રતિનિધિત્વ અધિનિયમ, ૧૯૫૧ ની કલમ-૧૩૫(સી)(૨) મુજબ કેદ અથવા દંડ અથવા બંને શિક્ષાને પાત્ર થશે.

આ હુકમ અન્વયે ખેડા જિલ્લામાં ફરજ બજાવતા પોલીસ સબ ઈન્સ્પેક્ટરશ્રી કે તેનાથી ઉચ્ચ હોદ્દો ધરાવનાર અધિકારીશ્રીઓને આ જાહેરનામાનો ભંગ કરનાર ઈસમો સામે ફરીયાદ દાખલ કરવા અધિકૃત કરવામાં આવે છે.

ખેડા-નડીયાદ, તારીખ ૧૨મી જુન, ૨૦૨૫.

જે. બી. દેસાઈ,
અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ,
ખેડા-નડિયાદ

Signature Not Verified
Signed by:MAHENDRA DHARKAR
Date: 2025.07.05 11:31:36 +05:30
Reason: Validate Document
Location: Government Press & Stationery, Vadodara